SSP/FEB98/G/03/1600

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રારંભ

**સવારે ૯ થી ૧૨ ]  (રવિવાર, ૧૫ ફેબ્રુઆરી, ૧૯૯૮)  કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

## વિભાગ - ૧ (ઘનશ્યામ ચરિત્ર)

**પ્ર.૧. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **૫**

૧. ઘનશ્યામે કાશીની વિદ્વત્સભામાં કયા મતનું પ્રતિપાદન કર્યું ?
૨. ઘનશ્યામે ઉપવનમાં કેટલા મલ્લોને હરાવ્યા ?
૩. કોટરા કેવી રીતે મૃત્યુ પામી ?
૪. ઘનશ્યામને ખાંપો વાગ્યો ત્યારે કોણે સારવાર કરી ?
૫. ઘનશ્યામનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

**પ્ર.૨. નીચેનાં વિધાનો કોણ-કોને કહે છે તે લખો. (કોઈપણ પાંચ)** **૧૦**

૧. ‘ગાયને લઈને મારી પાછળ ચાલ્યા આવો વાઘ કાંઇ નહીં કરે.’
૨. ‘અમારાથી એમનો હાથ નથી ખસતો.’
૩. ‘આપ ભગવાન છો, હવેથી હું ખોરાકની ચોરી નહીં કરું.’
૪. ‘તમારો આ પુત્ર પૃથ્વી પર ધર્મનું સ્થાપન કરશે.’
૫. ‘હવેથી માછલાં મારવાનો ધંધો નહીં કરું.’
૬. ‘હું તો મુમુક્ષુઓ કઈ દિશામાં છે તે જોઉં છું.’
૭. ‘આજ પછી મારી કાંઈ ફરિયાદ નહીં આવે.’

**પ્ર.૩. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **૧૦**

૧. ઘનશ્યામને .................................. પગની સાથળમાં ખાંપો વાગ્યો. (ડાબા, જમણા)
૨. ................................ ને અઢી માસના ઘનશ્યામમાં ભગવાનપણાની પ્રતીતિ આવી. (રામદયાળ, રામચરણ)
૩. અયોધ્યાના રાજા ......................................... હતા. (રાયદર્શન સિંહ, રામદર્શનસિંહ)
૪. ઘનશ્યામે ................................. ને એકાદશીનો મહિમા સમજાવ્યો. (મોહનદાસ, વ્રજ વિહારી)
03 ૫. ઘનશ્યામને ............................... વર્ષે જનોઈ પહેરાવી. (૭, ૮)
૬. બદરિકાશ્રમની સભામાં .......................................... ઋષિ આવ્યા. (દુર્વાસા, માર્કન્ડેય)



૭. મને ...................... ખાવા આપો તો કાન વીંધાવીશ. (ખાંડ, ગોળ)
૮. ................................ એ પોતાની સાહેલીને ચકલીનું રૂપ લેવા કહ્યું. (લક્ષ્મીજી, પાર્વતી)
૯. ઘનશ્યામને ............................ ગાયે દૂધ આપ્યું. (ગૌરી, ગોમતી)
૧૦. ઘનશ્યામે .............................. પાણીથી નાહીને તાવ અને બળિયા મટાડ્યા. (ઠંડા, ગરમ)

**પ્ર.૪. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી તેનો ભાવાર્થ - બોધ લખો. (બારેક લીટીમાં)** **૫**

૧. ઘનશ્યામે ઉતારેલું બાવાઓનું અભિમાન.
૨. આંધળા ને દેખતો કર્યો.
૩. સિદ્ધિઓ સેવામાં.

**પ્ર.૫. નીચેના ‘અ’ વિભાગની સામે ‘બ’ વિભાગમાંથી યોગ્ય શબ્દ શોધી જોડકાં બનાવો.** **૫**

| અ | બ |
|---|---|
| ૧. ઘનશ્યામને જનોઈ | ૧. અમઈ |
| ૨. ગૃહત્યાગ | ૨. બલદીધર |
| ૩. ઘનશ્યામના મામા | ૩. ફાગણ સુદ દશમ |
| ૪. ધર્મદેવના સાઢું | ૪. અષાઢ સુદ દશમ |
| ૫. ઘનશ્યામનું મુંડન | ૫. વશરામભાઈ |

## વિભાગ - ૨ (યોગીજી મહારાજ)

**પ્ર.૬. નીચેનાં વિધાનો કોણ-કોને કહે છે તે જણાવો. (કોઈપણ પાંચ)** **૧૦**

૧. ‘હા, સાધુ થઈશ.’
૨. ‘ગુરુ ઠપકો આપે તે આપણા સારા માટે જ હોય.’
૩. ‘હે મહારાજ, માફ કરજો, અપરાધ થઈ ગયો. આપને સમયસર પાણી આજે નથી પાયું.’
૪. ‘શાસ્ત્રીજી મહારાજની એમના પર નાનપણથી દ્રષ્ટિ પડી ગઈ.’
૫. ‘જે વસ્તુ એક વાર ત્યાગી, તેને ફરી હૈયામાં શા માટે પેસવા દેવી ?’
૬. ‘કોઈ યુવાન સાધુને સાથે લાવતા હો તો ?’
૭. ‘મને આજે બહુ આનંદ થાય છે. કંઈ ઉપદેશ આપો તો સારું.’

**પ્ર.૭. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **૫**

૧. યોગીજી મહારાજ કયા મંદિરના મહંત હતા ?
૨. યોગીજી મહારાજ સૌ પ્રથમ વાર આફ્રિકા ક્યારે ગયા ?
૩. પ્રમુખ સ્વામી મહારાજની ૪૮ મી જન્મજયંતી ક્યાં ઉજવાઈ ?

૪. સૌથી મોટી પદવી કઈ ?

૫. યોગીજી મહારાજે ક્યાં ક્યાં શિખર બદ્ધ મંદિરો બંધાવ્યાં ?

**પ્ર.૮. કૌંસમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ૧૦**

૧. ઝીણાભાઈ નિત્ય ...................................... ધ્યાન કરવા બેસતા. (પાતાળિયા ઝરે, ત્રિવેણી સંગમે)

૨. યોગીજી મહારાજ રોજ .................... રોટલા ઘડતા. (૨૦૦, ૩૦૦)

૩. દ્વેષી સાધુઓએ યોગીજી મહારાજને ................................. ગામમાં માર માર્યો. (કેરિયા, કારિયાણી)

૪. નારાયણ ધરે ...................................... નામના સાધુએ યોગીજી મહારાજનું અપમાન કર્યુ. (નારાયણ પ્રકાશ, નારાયણ પ્રસાદ)

૫. કૃષ્ણચરણદાસ સ્વામી ................................. સ્વામીના શિષ્ય હતા. (ગુણાતીતાનંદ, માધવચરણદાસ)

૬. પ્રમુખસ્વામી મહારાજને પ્રમુખપણાની ચાદર .............................. શહેરમાં ઓઢાડી. (અમદાવાદ, બોચાસણ)

૭. જ્ઞાન શીખે ને ....................... કરે તે વધતા જાય. (સેવા, કથા)

૮. અમૃતપર્વ ગ્રંથ ......................... મી જન્મજયંતીએ પ્રગટ થયો. (૭૫, ૭૬)

૯. ..................................... સ્વામીએ યોગીજી મહારાજને ત્રણ વાર જૂનાગઢ આવવા કહેવરાવ્યું હતું. (કૃષ્ણચરણદાસ, નારાયણદાસ)

૧૦. બીજામાંથી ચોરી કરીએ તો .............................. ને છેતર્યા કહેવાય. (શિક્ષક, ભગવાન)

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વિષે ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં) ૫**

૧. શ્રીજીસ્વામી વશ છે.

૨. યુવકો સાથે યોગીરાજ.

૩. સર્પ દંશ.

**વિભાગ - ૩ (કિશોર સત્સંગ પ્રારંભ)**

**પ્ર.૧૦. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. ૧૦**

૧. શાસ્ત્રીજી મહારાજે કઈ સંસ્થાની સ્થાપના કરી ?

૨. પ્રાર્થના એટલે શું ?

૩. આપણો સૌથી મોટો શત્રુ કોણ છે ?

૪. ગંગામા મહારાજને શું કહીને બોલાવતાં ?

03

૫. અજામિલનો ઉદ્ધાર કોણે કર્યો ?

૬. મૂળજી શર્માનું નામ કોણે પાડેલું ?

૭. વજીબા કયા ગામનાં હતાં ?



૮. લોજમાં નીલકંઠ વર્ણીના પ્રશ્નોના જવાબ કોણે આપ્યા ?

૯. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં કેટલાં વર્ષ રહ્યા ?

૧૦. નાજા જોગિયાની રક્ષા કરવા મહારાજ ક્યાંથી ક્યાં પહોંચ્યા ?

**પ્ર.૧૧. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. ૫**

૧. સામત પટેલે મહારાજને ................................ રૂપિયા આપ્યા. (ચાર હજાર, સાડા ચાર હજાર)

૨. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ................................ ને દિવસે થયો હતો. (ગુરુ પૂર્ણિમા, શરદ પૂર્ણિમા)

૩. ગંગામા ............................... ગામના હતા. (જેતલપુર, જેતપુર)

૪. પૂંજો ડોડિયો ................................... માટે ખડ આપવા ગઢપુર જતા હતા. (માણકી ઘોડી, રોઝો ઘોડો)

૫. ભાલની બીબડીએ ખુદા માટે સુરા ખાચરને ......................... આપ્યું. (મીઠું, દાતણ)

**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (બારેક લીટીમાં) ૫**

૧. વીર ભગુજી.

૨. અખંડાનંદ સ્વામી.

૩. આરતી.

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ પાંચ કીર્તન/અષ્ટક/શ્લોકમાં ખૂટતી કડીઓ પૂરી કરો. ૧૦**

૧. નારાયણ નરભ્રાતા............................... અગણિત નરનારી.

૨. ઉત્તિષ્ઠોત્તિષ્ઠ........................................ પરં કરુ.

૩. જનમ્યા કૌશલ દેશ............................... સંક્ષેપમાં ઉચ્ચરી.

૪. ગળ્યા સાટા........................................ સાકર છે ઝાઝી.

૫. ભાવ ધરીને બોલો................................ ગુણાતીતાનંદ જય જય.

૬. પ્રગટ હરિગુરુ...................................... સકળને સદ્ય વિહારી.

૭. શોભો સાધુગુણે.................................... જ વંદુ અહો !

**પ્ર.૧૪. નીચેઆપેલી 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (દસેક લીટીમાં) ૫**

સ્વામિનારાયણ મંત્ર જેવો...................

**અથવા**

કેટલાકને મન રમાડે છે.......................